بسم الله الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.10-03-2017 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

અલ્લાહ તઆલાના ફઝલથી હવે દુનિયાના અનેક દેશોમાં જામેઆ અહેમદિયાની સ્થાપના થઈ ચુકી છે જ્યાંથી મુરબ્બી પોતાની તાલીમ પૂર્ણ કરીને કાર્ય ક્ષેત્રમાં આવી ચુકયા છે અથવા આવે છે. ગત દિવસોમાં અહીયા યુ.કે.ના જામેઆ અહેમદિયામાં કેનેડા અને યુ.કે.ના જામેઆથી પાસે થયેલ વિદ્યાર્થી ઓની સંયુકત convocation હતી તેઓ શાહિદની ડિગ્રી લઈને પોતાને મુરબ્બી તરીકે સેવામાં પેશ કરનાર લોકો છે. તેમાંથી અધિકતર સંખ્યા બલ્કે તમામ તે છે જે વકફે નૌ ની તહેરીકમાં સામેલ છે. પશ્ચીમી દેશોમાં રહેતાં જ્યાં દુનિયાદારી અને ભૌતિકવાદ પોતાની ચરમ સીમા પર છે,પોતાને વકફ કરીને અલ્લાહ તઆલાના દીનના સિપાહીઓમાં સામેલ થવા માટે પેશ કરવું ખરેખર તેમની નિશ્ચય જ સજ્જનતા તથા દીનને દુનિયા પર પ્રાથમિકતા આપવાની પ્રતિજ્ઞા પુરી કરવાની અભિલાષા છે પરંતુ યાદ રાખવું જોઈએ કે આ અલ્લાહ તઆલાના ફઝલ વગર સંભવ નથી માટે તેને અલ્લાહ તઆલાના ફઝલનું કારણ સમજવું જોઈએ અને તેની સામે ઝુકતા તેના ફઝલને હંમેશા શોધતા રહેવું જોઈએ. મેં સંમેલનમાં આ પણ કહ્યું હતું કે જમાઅતે મુરબ્બીઓ અને મુબલ્લીગોની જરૂર છે અને આ જરૂરીયાત વધી રહી છે બલ્કે વધી ગઈ છે માટે અધિક થી અધિક વાકફેન એ નૌ એ જામેઆ અહેમદિયામાં શિક્ષણ મેળવવા આવવું જોઈએ. માતા પિતા બાળકોને નાનપણથીજ આ તરફ ધ્યાન અપાવે અને તેમનું એવું પ્રશિક્ષણ કરે કે તેમને જામેઆ અહેમદિયામાં સામેલ થવાનો શોખ પેદા થાય.

વાકફેન એ નૌ એ પ્રયત્ન કરવો જોઈએ કે જામેઆમાં દાખલ થાય અને જેવું કે મેં કહ્યું કે તેના માટે તેમના માતા પિતાએ કોશિક કરવી જોઈએ. અત્રે હું મેદાન એ અમલમાં આવનાર મુરબ્બીઓના મગજમાં જે અમુક પ્રશ્નો છે તેનું પણ વર્ણન કરવા ચાહું છું. મુરબ્બીઓના આ પ્રશ્નો ઉભરે છે અથવા પુછે છે કે અમારા કામોમાં સદર જમાઅત કેટલી હદ સુધી હસ્તક્ષેપ કરી શકે છે અમારી સીમા શું છે તથા તેની પરિધિ શું છે. ઘણી વાર મુરબ્બી એક વાતને પ્રશિક્ષણની દ્રષ્ટિથી ઉચિત સમજીને જમાઅતમાં લાગું કરવાનો પ્રયાસ કરે છે તો સદર જમાઅત કહે છે કે હું નથી માનતો કે તેને આ પ્રકાર કરવું જોઈએ તો મુરબ્બીઓએ પહેલી વાત તો આ યાદ રાખવી જોઈએ કે પ્રબંધની દ્રષ્ટિથી જે પણ નિયુકત કરવામાં આવ્યો છે તેનું આજ્ઞાપાલન કરવું છે તથા પોતાના આજ્ઞાપાલનનું ઉદાહરણ બતાવવું છે જો કોઈ અનુચિત વાત છે તો પોતાના નેશનલ અમીર અથવા સદરને જણાવે અથવા કેન્દ્રને જણાવે, મને પણ લખી શકે છે. તેવી જ રીતે સદર સાહેબો અને અમીર સાહેબોને પણ હું આ કહું છું કે મુરબ્બીઓનું આદર સંમાન ને સ્થાપિત કરવાનું કામ તેમનું છે તથા સૌથી અધિક મુરબ્બીઓનું આદર કરનાર તથા સહયોગ સાથે અને મશવરા સાથે ચાલનાર સદર જમાઅત અને અમીર જમાઅતને હોવું જોઈએ તથા તે જ પ્રકાર અન્ય અધિકારીઓ પણ પોત પોતાની પરિધિમાં મુરબ્બીઓ સાથે સહયોગ કરનાર હોય તથા મુરબ્બી પણ સંપૂર્ણ વિનમ્રતા તથા તકવા સાથે સદર જમાઅત અથવા અમીર જમાઅત સાથે સહયોગ કરે. હેતુ તો આપણો એક જ છે કે જમાઅતના લોકોની તાલીમ તથા પ્રશિક્ષણ, જમાઅતના નિઝામની પ્રતિષ્ઠા સ્થાપિત કરવું, ખિલાફત સાથે સંબંધ સ્થાપવું તથા તૌહીદ કાયમ કરવી, ઈસ્લામની વાસ્તવિક તાલીમ દુનિયામાં ફૈલાવી. આપસમાં એક થઈને કામ કરવું જોઈએ તથા આ વિષયમાં અલ્લાહ તઆલાના આ ફરમાનને સામે રાખવું જોઈએ કે નેક અને તકવાના કામોમાં આપસમાં એક બીજાથી સહયોગ કરો.

જમાઅતની સેવા ચાહે તે કોઈ પણ રંગમાં કરવાનું સામર્થ્ય મળી રહ્યો હોય તેનાથી વધીને કોઈ નેકી નથી તથા સેવા કરવા માટે તકવા પણ જરૂરી છે. જમાઅતની સેવામાં તકવા જ છે જે વાસ્તવિક સેવાની તૌફીક આપી શકે છે. આ કામ તો છે જ અલ્લાહનો ભય દિલમાં રાખતા તેની પ્રસન્ન્તા પ્રાપ્તિનો. આ જોવામાં આવ્યું છે કે અમુક વાર જ્યા થોડીક પણ સદર અથવા અધિકારીઓ અથવા મુરબ્બીઓના સંબંધમાં કમી છે અથવા કોઈ થોડીક પણ ફરિયાદ આપસમાં પૈદા થઈ છે તો ત્યાં શૈતાન અંદર આવવાનો પ્રયત્ન કરૈ છે તથા નેકી અને તકવાનો મૂળ હાલવા લાગે છે. કેટલાક લોકો મુરબ્બીના શુભ ચિંતક બનીને તેને કહે છૈ કે તમારી સાથે સદર જમાઅતએ સારૂ વર્તન નથી કર્યુ તથા કેટલાક લોકો સદર જમાઅતને કહે છૈકે મુરબ્બીએ આવો વ્યવહાર ન કરવો જોઈએ જેના કારણે પછી લોકોમાં બેચૈની પૈદા થાય છે. હઝરત મસીહ મૌઊદ અ.સ. ફરમાવે છે કે જુઓ તે જમાઅત જમાઅત નથી થઈ શકતી જે એક બીજાને ખાય અને જ્યારે ચાર મળીને બેસે તો પોતાના એક ભાઈની ફરિયાદો કરે તથા આલોચનાઓ કરે છે. ફરમાવ્યું એવું કદાપી ન કરવું જોઈએ બલ્કે ઈચ્છીએ કે એકતામાં શકિત આવી જાય, એકત્ર થઈ જાવો, એક બની જાઓ જેથી શકિત પેદા થાય, તેમાં શકિત પૈદા કરો તથા એકતા પૈદા થઈ જાય જેના દ્વારા પ્રેમ આવે છે તથા બરકરાો પૈદા થાય છે. ફરમાવ્યું કે આચરણની શકિતને મજબૂત કરવામાં આવે અને આ ત્યારે થઈ શકે છે જ્યારે સહાનુભૂતિ, પ્રેમ, ક્ષમાશીલતા અને દયાને ફેલાવવામાં આવે અને સમસ્ત પ્રવૃત્તિઓ પર દયા તથા દોષ છુપાવવાને પ્રાથમિકતા આપવામાં આવે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આ અભિપ્રાય નથી કે ખુદા ન કરે જમાઅતી અધિકારીઓ, સદર અને અમીર તથા મુરબ્બીની વચ્ચે જમાઅતોમાં સાધારણ મતભેદ જોવા મળે છે. નહી, આ વાત નથી. આ બધી વાતો મેં એટલા માટે બયાન કરી કે સદર અમીર અથવા મુરબ્બીને માલૂમ થાય કે તેમનું કામ ખુબ વ્યાપક છે તથા એક મહત્ત્વ પૂર્ણ લક્ષ્ય આપણી સામે છે અને જો કદાચ ખુદા ન કરે કે આપસમાં મતભેદ ઉભો થાય તો પછી તરત દુર થવો જોઈએ. કેમ કે અમુક વાર જોવામાં આવ્યું છે કે આપસનો મતભેદ આપસમાં નથી રહેતો બલ્કે જમાઅતના લોકો પર પણ તેનો પ્રભાવ પડે છે તથા શૈતાન, જેવું કે મેં કહ્યું, તેના દ્વારા અનુચિત તથા પથભ્રષ્ટ કરે છે માટે હંમેશા બંને પોતાની સામે આ મોટો હેતુ રાખે કે જમાઅતની તાલીમ, આધ્યાત્મ તથા પ્રશિક્ષણનો જે ભાર તેમના પર નાખવામાં આવ્યો છે, તે બંનેએ મળીને નિભાવવાનો છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ પણ ખુબ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું કે ઉપયુકત પરિણામ તે જ સમયે પ્રાપ્ત થઈ શકે છે જ્યારે આપસમાં મળીને કામ કરો. આપે ફરમાવ્યું કે જે કામ બે હાથોથી થવું જોઈએ તે કેવળ એક વ્યકિતના હાથથી પુરો નથી થઈ શકતો તથા જે માર્ગને ફરમાવ્યું, બે પગ મળીને તય કરે છે તે કેવળ એક જ પગથી તય નથી થઈ શકતો.

માટે ન તો સદર અથવા અમીરએ સમસ્ત અધિકારા પોતાના હાથમાં રાખીને પોતાની ઈચ્છા પૂર્તિ નો પ્રયાસ કરવો જોઈએ અને ન મુરબ્બીએ પોતાનો વિચાર ઉચિત સમજીને તેના અનુસાર કાર્ય કરવા અથવા કરાવવાનો પ્રયાસ કરવો જોઈએ બલ્કે પરસ્પર સહયોગથી કામ કરે તથા કેમકે મુરબ્બીનું દાયિત્વ જમાઅતની તબિયત છે અને જેવું કે મેં કહ્યું તેમનું દીનનું જ્ઞાન પણ અધિક છે અથવા સાધારણ હોય છે અને હોવું જોઈએ તથા તેણે દીનના જ્ઞાનને વધારવું જોઈએ અને રૂહાનિયતને વધારતા રહેવાનો પણ પ્રયાસ કરવો જોઈએ માટે તેમના તકવાના ધોરણ સામાન્ય લોકોની તુલનામાં અધિક હોવો જોઈએ. જયારે આ વાતને મુરબ્બી સમ્જી લેશે તથા તેના અનુસાર કામ કરશે તો અધિકારીઓ તથા જમાઅતના લોકો વચ્ચે સ્વયં જ મુરબ્બીની એક પ્રતિષ્ઠા બની જશે. સદર જમાઅત તથા અમીર જમાઅતએ યાદ રાખવું જોઈએ કે જ્યાં પ્રબંધક અધિકારી હોવાના કારણે જમાઅતના નિઝામને સારી રીતે ચલાવવાનો તેમનુ દાયિત્વ છે તથા આ કામમાં ખલીફા એ વકતે તેમને પોતાનો પ્રતિનિધિ બનાવ્યો છે તેવી જ રીતે જમાઅતનો દીની તથા રૂહાની સ્તર તથા પ્રગતિ તથા તેના માટે સંભવિત સાધન ઉપયોગમાં લાવવાનો ભાર મુરબ્બીઓ પર છે તથા તે આ વિષયમાં ખલીફા એ વકતના પ્રતિનિધિ છે. માટે અમીર, સદર તથા મુરબ્બીનો પરસ્પર સહયોગ હોવું જોઈએ તથા એક યોજના બદ્ધ રૂપમાં કામ કરવું જોઈએ તો જ તે

પ્રબંધની દ્રષ્ટિથી જમાઅતને મજબૂત બનાવી શકશે તથા આધ્યાત્મિક તથા શૈક્ષણિક સ્તર પણ પ્રગતિ કરતા જશે.

પહેલા પણ હું ટુકાંણમાં ચર્ચા કરી આવ્યો છું, ફરીથી કહી દઉ છું કે સદર અને અમીર તથા સમસ્ત જમાઅતના અધિકારીઓનું કામ બલ્કે દાયિત્વ છે કે મુબલ્લિગ બલ્કે જેટલા પણ વાકફેન એ જીવન છે તેમનું આદર સંમાન પોતાના દિલોમાં પણ પૈદા કરે તથા જમાઅતના લોકોના દિલોમાં પણ પૈદા કરે. તેમનું આદર કરવું તથા કરાવવું આપ લોકોનું કામ છે જેથી મુરબ્બી અને મુબલ્લિગ તથા વાકફેન જીવનના સ્તરનું મહત્ત્વ સ્પષ્ટ થાય તથા અધિકથી અધિક યુવા જમાઅતની સેવા માટે પોતાને પેશ કરે. યુવા વાકફેન એ નૌ ને પણ સંપૂણ રૂપથી પોતાને આ સેવા હેતુ પેશ કરવા માટે પ્રત્યક્ષ પ્રેરણા પણ જોઈએ જે તેમની લગનને ઉભારે. ઘાકફેન એ નૌ યુવાઓને તથા કાર્ય ક્ષેત્રમાં યુવા મુરબ્બીઓને પણ હું આ કહું માંગું છું કે દુનિયા ચાહે તમારા ધોરણને સમજે કે ન સમજે, કોઈ સદર અમીર અથવા અધિકારી બલ્કે કોઈ જમાઅતનો વ્યકિત પણ તમારો આદર સતકાર કરે કે ન કરે, આપે અલ્લાહ તઆલા સાથે કુરબાની કરવાની જે પ્રતિજ્ઞા લીધી છે તેને નેક ભાવના સાથે નિભાવતા રહો. જયારે મુરબ્બી બની ગયા તો પછી પ્રત્યેક વાતમાં ખુદા તઆલા સામે જ ઝુકવું છે તથા લોકોના વ્યવહારની કોઈ ચિંતા નથી કરવી. જો કોઈ ફરિયાદ હોય તો પણ બંદા સામે રાખવા કરતા ખુદા તઆલા સામે મુકવી જોઈએ જો અધિકારી જમાઅત માટે ઉપયોગી અસ્તિત્વ નથી બનતો તો ખુદા તઆલાથી દુઆઓ માંગો કે એવા અધિકારીથી અલ્લાહ તઆલા જાન છોડાવે. આ રીતે હું અધિકારીઓ તથા મુરબ્બીઓ બંનેને આ વાત પણ કહેવા માંગું છું કે જ્યારે આપણે જમાઅતના લોકોથી આ આશા રાખીએ છીએ કે તેમના ઘરોમાં અધિકારીઓના સંબંધમાં વાતો ન થાય અર્થાત નકારાત્મક વાતો, તો પછી સદર, અમીર તથા અધિકારી તથા તેવી જ રીતે મુરબ્બીઓને પણ હંમેશા આ વાતની પાબંદી કરવી જોઈએ કે તેમના ઘરોમાં પણ એક બીજાના વિષયમાં કોઈ પણ પ્રકારની નકારાત્મક વાતો ન થાય. હાં સહારાત્મક વાતો જરૂર થાય જેથી મુરબ્બીની સંતાનમાં પણ તથા અધિકારીની પેઢીઓમાં પણ નિઝામે જમાઅત અને વાકફેન એ જીવન તથા કોઈ પણ રંગમાં જમાઅતની સેવા કરનારનું સંમાન પૈદા થાય. અધિકારી તથા વિશેષ રૂપમાં સદરો અને અમીરો આ પણ યાદ રાખે કે જમાઅતના લોકો પ્રતિ પણ હંમેશા પ્રેમની પાખો ફેલાવે. આપણી જમાઅતના તમામ વ્યકિતને આ આભાસ અપાવે કે તે સુરક્ષિત પાંખોની નીચે છે. હંમેશા પ્રત્યેક સાથે વિનમ્રતા તથા હંસતા મોએ વાત કરો. દફતરની કુર્સી આપમાં અહંકાર નહી બલ્કે વિનયતા પેદા કરનાર થાય. પ્રત્યેક અધિકારીના પણ તથા પ્રત્યેક મુરબ્બીના પણ દ્વાર તમામ વ્યકિત માટે ખુલ્લ હોવા જોઈએ. મામલાઓને ખતમ કરવામાં ઊતાવળ કરે, લટકાવે નહી.

અધિકારીઓએ હંમેશા યાદ રાખવું જોઈએ કે જમાઅતનો કોઈ પણ હોદો પણ કોઈ પ્રકારની બડાઈ પેદા કરવા માટે નથી બલ્કે વિનમ્રતામાં વધવા માટે છૈ. માટે પ્રત્યેક નિર્ણયને તથા પ્રત્યેક ફેસલો અને પ્રત્યેક કામ અલ્લાહ તઆલાનો ભય દિલમાં રાખતા તથા અત્યંત વિનમ્રતા સાથે ન્યાયની પ્રક્રિયા પૂર્ણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. આંહઝરત સ.અ.વ.એ અધિકારીઓ તથા શાસકોને આ ચેતવણી આપી છે કે જો પ્રત્યેક અધિકારી તેને સામે રાખે તો નિઃસંદેહ પોતાના કામના સ્તર તથા ન્યાય પ્રક્રિયાને પૂર્ણ કરવામાં અનેક ઘણું વધારો થઈ શકે છે. એક અવસરે આપ સ.અ.વ. એ ફરમાવ્યું કે જેને અલ્લાહ તઆલાએ લોકોનો નિગરાન તથા જીમ્મેદાર બનાવ્યો છે તે જો લોકોની નિગરાની તથા પોતાના દાયિત્વને અદા કરવા તથા તેમની શભચિંતામાં કમી કરે છે તો તેના મૃત્યું પર અલ્લાહ તઆલા તેના માટે જન્નત હરામ કરી દેશે. આ જુઓ કેટલી ભયાવહ ચેતવણી છે તથા ઈન્સાનને હલાવી દે તેવી છે જો ખુદા તઆલા અને આખિરાત પર વિશ્વાસ હોય તો પ્રત્યેક અધિકારી પોતાનું પ્રત્યેક કામ અત્યંત ભયની અવસ્થામાં કરે. આંહઝરત સ.અ.વ. એ ફરમાવ્યું કે કયામતના દિવસે અલ્લાહ તઆલાને લોકોમાં સર્વાધિક પ્રિય તથા તેના અધિક નિકટ ન્યાય પ્રિય શાસક હશે અને ખુબ અપ્રિય તથા સૌથી દુર અત્યાચારી શાસક હશે. માટે પોતાના દાયિત્વોને અત્યાધિક સૂક્ષ્મતા સાથે અદા કરવાનો પ્રયાસ કરવો જોઈએ તો જ

ન્યાયની પ્રક્રિયા પુરી થઈ શકે છે. તેવી જ રીતે ઝૈલી તંઝીમોના અધિકારીઓ પણ પોતાના કર્તવ્યોને સમજે. ઝૈલી તંઝીમો પણ પ્રત્યેક સ્તર પર સક્રિય હોય, અન્સાર પણ લજના પણ ખુદદામ પણ. જો પરસ્પર સહયોગ હોય તથા સમસ્ત ઝૈલી તંઝીમો તથા જમાઅતનો નિઝામ પણ સક્રિય હોય તો જમાઅતની પ્રગતિની રફતાર ખુબ વધી જશે.

એક વાત આ પણ પ્રત્યેક અધિકારી યાદ રાખે કે જો તનિી વિરૂદ્ધ પણ ફરિયાદ હોય અથવા તેની વિરૂદ્ધ કોઈ વાત કરે તેની સામે, તો તેને સાંભળવાનો સાહસ હોવો જોઈએ. અધિકારીએમાં સૌથી અધિક સહન શીલતા હોવી જોઈએ તથા વાત કરનારથી બદલો લેવાના સ્થાને સૌથી પહેલા પોતાના સુધારનો પ્રયાસ કરે. આત્મનિરીક્ષણ કરવું જોઈએ કે મારામાં આ બૂરાઈ તો નથી ને. આ વાત પણ ન્યાય કરવા માટે જરૂરી છે. જમાઅતના લોકોથી હું આ કહેવા માંગું છું કે તે પણ પોતાના તકવાનો સ્તર વધારે. નેકી અને તકવામાં સહયોગનો તેમના માટે પણ આદેશ છે. જો જમાઅતના લોકોના નેકી અને તકવાનો સ્તર ઉચ્ચ થઈ જાય તો અધિકારી સ્વયં નેકી અણે તકવાના માર્ગ પર ચાલનાર મળતા જશે. જમાઅતના પ્રત્યેક વ્યકિતએ પોતાના કાર્તવ્ય પણ નિભાવવા જોઈએ જે તેમને ભાગમાં આજ્ઞાપાલનના સંદર્ભમાં છે. આ એક મોટુ કર્તવ્ય છે જે જમાઅતના પ્રત્ય્હોક વ્યકિતના હવાલે પણ છે કે તમે આજ્ઞાપાલન કરો. પોતાની સંતાનના દિલોમાં બેસાડી દો કે આપણે આપણું કર્તવ્ય પુરો કરવો છે તથા સુવિધામાં પ્રસન્નતા તથા અપ્રસન્નતામાં, અધિકારોના હનન અણે સારા વ્યવહારમાં પ્રાથમિકતા, અર્થાત પ્રત્યેક અવસ્થામાં આજ્ઞાપાલન કરવું છે.

અલ્લાહ તઆલા કરે કે આપણું પ્રત્યેક કાર્ય ખુદા તઆલાની પ્રસન્નતા માટે હોય, આપણે આ યુગમાં અલ્લાહ તઆલાના મોકલેલ અને આંહઝરત સ.અ.વ.ના સાચા પ્રેમીની જમાઅતમાં સામેલ થવાનો હક અદા કરનાર થઈએ.

******

| Khulasa Khutba Jumma Huzoor Anwar 10 March 2017 |
| --- |
| BOOK POST (Printed Matter)<br><br>To...........................................................................<br>...........................................................................<br>...........................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |